### નાના અને મોટા કદની મૂર્તિઓ માટે અલગ તળાવોની વ્યવસ્થા

# ગણેશ વિસર્જન માટે પાલિકા અને પોલીસ તંત્ર સજ્જ: શહેરમાં ૧૩ કૃત્રિમ તળાવો તૈયાર

**સાઉથ** ઝોનના તળાવોની સ્થળ મુલાકાત લઈ પાણી અને લાઈટિંગની સમીક્ષા કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.11

શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ ઉત્સવની ધામધૂમથી અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં ભાવિક ભક્તો આ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. સમગ્ર વડોદરા શહેરમાં વિવિધ સ્થળોએ વિઘ્નહર્તા ગણેશજીની સ્થાપના કરવામાં આવી હોવાથી વિસર્જન પ્રક્રિયા સુચારૂ રૂપે સંપન્ન થાય તે માટે વડોદરા મહાનગરપાલિકા અને પોલીસ વિભાગ દ્વારા વ્યાપક અને આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ગણેશ વિસર્જન દરમિયાન ભક્તોને કોઈ અગવડ ન પડે અને પર્યાવરણની જાળવણી થાય તે હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેરમાં કુલ ૧૩ જેટલા કૃત્રિમ તળાવો તૈયાર કરવામાં આવ્યા છે. આ આયોજનના ભાગરૂપે પાલિકાના અધિકારીઓ દ્વારા વિવિધ વિસ્તારોના તળાવોની સ્થળ મુલાકાત લેવામાં આવી રહી છે. ખાસ કરીને સાઉથ ઝોનમાં આવેલા ૪ કૃત્રિમ તળાવોની મુલાકાત લઈને ત્યાં વિસર્જન વખતે પૂરતું પાણી, રોશની/લાઈટિંગ તથા સુચારુ માર્ગ વ્યવસ્થા ઉપલબ્ધ રહે તે અંગેની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. વિસર્જન પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવવા માટે મૂર્તિના કદ મુજબ વિસ ર્જનની અલગ-અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. સામાન્ય રીતે પાંચ ફૂટથી નાની મૂર્તિઓ માટે અને મોટી મૂર્તિઓ માટે અલગ કૃત્રિમ તળાવોની ફાળવણી કરવામાં આવી છે. આ માટે પોલીસ વિભાગ સાથે સંકલન સાધીને કાર્ય કરવામાં આવી રહ્યું છે. જે તે પોલીસ સ્ટેશન વિસ્તારમાં કયા મંડળ દ્વારા કેટલા ફૂટની ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે તેનું સંપૂર્ણ લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાનો સ્ટાફ અને પોલીસ વિભાગ સતત સંપર્કમાં રહીને નાના કદની મૂર્તિઓને નિયત નાના તળાવોમાં અને વિશાળ મૂર્તિઓને મોટા કૃત્રિમ તળાવોમાં વિસર્જિત કરવા માટેની સુચારુ વ્યવસ્થા ગોઠવી રહ્યા છે, જેથી વિસર્જનના દિવસે ટ્રાફિક કે અન્ય કોઈ વ્યવસ્થાપકીય સમસ્યા ઊભી ન થાય અને શાંતિપૂર્ણ માહોલમાં ગણેશ વિસર્જન સંપન્ન થઈ શકે.

## MSUની શિક્ષણ અને મનોવિજ્ઞાન ફેકલ્ટી દ્વારા છઠ્ઠી આંતરરાષ્ટ્રીય પરિષદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી દ્વારા મિહિરિઝમ એસેસમેન્ટ્સ, અમદાવાદના સહયોગથી છઠ્ઠી આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરાયું છે. 'શિક્ષણ, મનોવિજ્ઞાન અને બિહેવિયોમેટ્રિક્સનું સંયોજન : વિકસિત ભારત 2047 માટે NCAHP માળખાનું એકીકરણ' થીમ આધારિત આ ત્રિ-દિવસીય પરિષદ 8થી 10 ઓક્ટોબર દરમિયાન એમ.એસ. યુનિવર્સિટી ખાતે હાઈબ્રિડ મોડમાં યોજાશે. તેમાં માનસિક સ્વાસ્થ્ય, સમાવેશી શિક્ષણ, શાળા કાઉન્સેલિંગ, મૂલ્યાંકન, બિહેવિયોમેટ્રિક્સ અને AI, NCAHP એક્ટ સહિતના મુદ્દાઓ પર નિષ્ણાતો ચર્ચા કરશે. 10 ઓક્ટોબરે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે NCAHPના અધિકારીઓ પણ જોડાશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ 25 સપ્ટેમ્બર છે. સંશોધન પેપર્સ માટે આહ્વાન શરૂ થયું છે અને અંગ્રેજી, હિન્દી તથા ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત સાર તથા પ્રસ્તુતિ સ્વીકારાશે.

### શહેરમાં ડબલ ઋતુના કારણે શરદી, ઉધરસ અને તાવના દર્દીઓ વધ્યા

# સયાજી હોસ્પિટલની ઓ.પી.ડી.માં વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં ૧૫% નો વધારો

તબીબોની સલાહ,બાળકો અને વૃદ્ધો વિશેષ સાવચેતી રાખે, ઉકાળેલું પાણી પીવો

રાહતની વાત વરસાદ અટકતાં ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

શહેરમાં હાલમાં બદલાતા હવામાન અને બેવડી ઋતુના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર માઠી અસર જોવા મળી રહી છે. વરસાદી માહોલ વિરામ લીધા બાદ હવે શહેરમાં ઉકળાટ અને ગરમીનું પ્રમાણ વધ્યું છે, જેના કારણે મોસમી બીમારીઓએ માથું ઉચક્યું છે. મધ્ય ગુજરાતની સૌથી મોટી એવી વડોદરાની સયાજી હોસ્પિટલની ઓ.પી.ડી. માં વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યામાં અંદાજે ૧૦ થી ૧૫ ટકા જેટલો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં સામાન્ય તાવ, ગળામાં દુખાવો, શરદી, ઉધરસ અને શરીરની કડતર જેવી ફરિયાદો સાથે મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર અર્થે પહોંચી રહ્યા છે. બદલાતા વાતાવરણ સાથે અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડવાના કારણે બાળકો અને વૃદ્ધો આ બીમારીઓનો શિકાર ઝડપથી બની રહ્યા છે.

એક તરફ જ્યાં વાયરલ ઈન્ફેક્શનના કેસો વધ્યા છે, ત્યારે બીજી તરફ રાહતરૂપ બાબત એ છે કે વરસાદ રોકાઈ જવાના કારણે પાણી ભરાવવાની સમસ્યા હળવી બની છે. જેના પરિણામે ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય અને વેક્ટર બોર્ન રોગોના ફેલાવા પર હાલ બ્રેક વાગી છે અને તે નિયંત્રણ હેઠળ છે.

સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ. ડોક્ટર હિતેન્દ્ર ચૌહાણે આ મિશ્ર ઋતુમાં નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. તેઓએ જણાવ્યું હતું કે હાલના વાતાવરણમાં ખાસ કરીને બાળકો અને વૃદ્ધોએ વધુ સતર્ક રહેવાની જરૂર છે. હંમેશા ઉકાળેલું પાણી પીવું અને બહારનો ખુલ્લો કે વાસી ખોરાક ખાવાનું ટાળવું. ઘરની આસપાસ તેમજ ઘરની અંદર સ્વચ્છતા જાળવો. જો આસપાસ પાણી ભરાયેલું રહે તો તેને તુરંત દૂર કરો અથવા જો દૂર ન થઈ શકે તેમ હોય તો તેના પર બળેલું ઓઈલ નાખો. વાયરલ ઈન્ફેક્શનથી બચવા માટે બિનજરૂરી રીતે ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું. શરીરમાં સામાન્ય લક્ષણો જણાય તો પણ બેદરકારી દાખવ્યા વગર તુરંત તબીબી સલાહ લેવી હિતાવહ છે.

# પાવર ઓફ એટર્ની આધારે સોગંદનામાની શરત નાબૂદ કરો

**મૂળ રજીસ્ટર્ડ** કુલમુખત્યાર પત્રને માન્ય રાખી સીધા વેચાણ દસ્તાવેજ કરવાની પ્રક્રિયા શરૂ કરવા માંગ, મુખ્યંત્રીને રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

ગુજરાતમાં મિલકતોના વેચાણ અંગે રજીસ્ટર પાવર ઓફ એટર્નીના કિસ્સામાં પ્રવર્તતી મુશ્કેલીઓ સંદર્ભે 'ધી બરોડા સિંધી સેન્ટ્રલ પંચાયત'ના અધ્યક્ષ પ્રદિપકુમાર લેખરાજાની દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને મુખ્ય સચિવ એમ.કે.દાસ સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં પાવર આપનાર વ્યક્તિનું હાલનું અસલ સોગંદનામુ માંગવાની પ્રથાને નાબૂદ કરી નવો પરિપત્ર કે જાહેરનામું બહાર પાડવા માંગ કરાઈ છે.

સામાન્ય રીતે અગાઉના સમયમાં ભાગીદારો કે અન્ય વહીવટદારો દ્વારા સંયુક્ત કે અલગ-અલગ રજીસ્ટર પાવર ઓફ એટર્ની અન્ય વ્યક્તિની તરફેણમાં કરી આપવામાં આવતા હોય છે.

સંજોગોવશાત વર્ષો સુધી મિલકતના દસ્તાવેજ ન થયા હોય અને હવે વર્તમાન સમયમાં જો દસ્તાવેજ કરવાનો થાય, તો સક્ષમ અધિકારીઓ દ્વારા મૂળ પાવર લખી આપનાર વ્યક્તિનું પાવર ચાલુ હોવા અંગેનું અને હયાત હોવાનું અસલ સોગંદનામુ રજૂ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. પરંતુ, વર્ષો વીતી ગયા બાદ મિલકતોના બજાર ભાવમાં ભારે વધારો થઈ ગયો હોવાના કારણે, પાવર લખી આપનાર મૂળ વ્યક્તિ અથવા તેમના વારસદારો ઘણીવાર સોગંદનામુ કરી આપવા માટે સ્પષ્ટ ના પાડી દેતા હોય છે.

પરિણામે, મિલકત ખરીદનાર અને પાવર ધરાવનાર ધારકને દસ્તાવેજ કરાવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને વગર વાંકે મોટું આર્થિક નુકસાન તથા બ્લેકમેઈલિંગનો ભોગ બનવું પડે છે.

## વડોદરા ખાતે ડાક અદાલત યોજાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

ટપાલ સેવાને લગતા નાગરિકોના પ્રશ્નો અને ફરિયાદોના સ્થળ પર જ નિરાકરણ માટે પોસ્ટ વિભાગ દ્વારા ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. પોસ્ટમાસ્તર જનરલ, વડોદરા રીજીયનની કચેરી દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, આ ડાક અદાલત આગામી તા.16ના રોજ સવારે 11.00 કલાકે ડાક ભવન પ્રતાપગંજ વડોદરા ખાતે યોજાશે. આ અદાલતમાં ટપાલ સેવાઓને લગતી નીતિ-વિષયક બાબતો સિવાયના અન્ય તમામ પ્રકારના પ્રશ્નો અને ફરિયાદોની સુનાવણી કરી તેનો ત્વરિત નિકાલ કરવામાં આવશે. જેમાં સ્પીડ પોસ્ટ, રજીસ્ટર્ડ પોસ્ટ, પાર્સલ સેવા કે અન્ય ટપાલ સેવામાં વિલંબ કે ગેરરીતિ અંગેની ફરિયાદોનો સમાવેશ થાય છે. આ અદાલતમાં ફરિયાદ રજૂ કરવા ઈચ્છતા નાગરિકોએ પોતાની લેખિત ફરિયાદ અરવિંદ કુમાર, આસિસ્ટન્ટ ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીસ, પોસ્ટમાસ્તર જનરલની કચેરી, પ્રતાપગંજના સરનામે મોડામાં મોડી તા. 15 સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

### પરીક્ષા પદ્ધતિ, અનામત અને ફી વધારા સામે વિરોધનો સુર ઊઠ્યો

# યુજીસીની નવી નીતિ સામે વડોદરામાં આક્રોશ, હિન્દુ એકતા મંચ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર

**ગ્રામીણ** અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમાવાની આશંકા




(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની નવી શિક્ષણ અને પરીક્ષા નીતિ સામે દેશભરમાં રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે વડોદરા ખાતે પણ તેનો ઉગ્ર વિરોધ શરૂ થયો છે. શુક્રવારે વડોદરા કલેક્ટર કચેરી ખાતે 'હિન્દુ એકતા મંચ' અને સ્થાનિક છાત્ર સંગઠન દ્વારા એક વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય અધ્યક્ષ મનુસિંગ રાજપૂતની આગેવાની હેઠળ કાર્યકરો કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને સરકાર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

વિરોધ પ્રદર્શન દરમિયાન સંગઠનના આગેવાનોએ જણાવ્યું હતું કે, UGC દ્વારા લાવવામાં આવેલી નવી પરીક્ષા નીતિ, અનામત નીતિમાં ફેરફાર અને સતત વધતી જતી ફીના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓની મુશ્કેલીઓમાં ભારે વધારો થશે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા અને આર્થિક રીતે નબળા પરિવારો સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ મેળવવું દુષ્કર બની જશે. આ નીતિઓના કારણે ઉચ્ચ શિક્ષણમાં સમાન તકો અને નિષ્પક્ષતા જોખમાઈ રહી હોવાની ગંભીર આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

કાર્યકરોએ હાથમાં પ્લેકાર્ડ્સ પકડીને યુજીસીની વિવાદાસ્પદ નીતિઓ તાત્કાલિક પાછી ખેંચવાની માંગ કરી હતી.

બાદમાં રાષ્ટ્રીય અધ્યક્ષ મનુસિંગ રાજપૂતના નેતૃત્વમાં એક પ્રતિનિધિ મંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્ર દ્વારા વિદ્યાર્થીઓની લાગણી અને માંગણીઓ યુજીસીના ઉચ્ચ અધિકારીઓ તેમજ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવા માટે ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે.

# વિકસિત ભારત માટે જીએસટી પર MSUમાં રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

**કાનૂની** નવીનતા, આર્થિક કાર્યક્ષમતા અને ભાવિ માર્ગ પર મંથન



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ લો દ્વારા ICSSRના સહયોગથી વિકસિત ભારત માટે જીએસટીઃ કાનૂની નવીનતા, આર્થિક કાર્યક્ષમતા અને ભાવિ માર્ગ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારનો મુખ્ય વિષય કાયદો અને જીએસટી - કાનૂની અને ન્યાયિક પરિપ્રેક્ષ્ય રહ્યો હતો. ઉદ્ઘાટન સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રવિ ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સના પૂર્વ રેવન્યુ ઓફિસર અને જીએસટી નિષ્ણાત સંજય સારસ્વતે માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારમાં જીએસટી કાયદો, તેના અમલીકરણના પડકારો, ઈનપુટ ટેક્સ ક્રેડિટ, વેપાર-ઉદ્યોગ પર અસર અને કરદાતાઓના પ્રશ્નો અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરાઈ હતી. જીએસટી વ્યવસ્થાને વધુ સરળ, પારદર્શક અને અસરકારક બનાવવા માટે કાનૂની અને નીતિગત વિચારો પર ભાર મૂકવામાં આવ્યો હતો. વિશેષ પેનલ ચર્ચામાં પ્રિન્સિપલ કમિશનર, સેન્ટ્રલ જીએસટી અને સેન્ટ્રલ એક્સાઈઝ, વડોદરા મંકોશકર સુરેન્દ્રકુમાર ચંદ્રકાંત રાવ સહિત કાયદા, ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો જોડાયા હતા.

### પાંડવકાળના પ્રાચીન સ્વયંભુ શિવલિંગના દર્શનાર્થે વહેલી સવારથી જ ભાવિકોની લાંબી કતારો

# હરણી મોટનાથ મહાદેવ મંદિરે અમાસ નિમિત્તે માનવમહેરામણ ઉમટી પડ્યું

**પિતૃદોષ નિવારણાર્થે** વિશેષ પૂજા-અર્ચના અને સાંજે ભવ્ય મહાઆરતી યોજાઇ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

હરણી વિસ્તારમાં આવેલા સૌથી પ્રાચીન અને ઐતિહાસિક સ્વયંભુ મોટનાથ મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસના પૂર્ણાહુતિ અવસર અને શ્રાવણ વધ અમાસ નિમિત્તે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. નવનાથમાં સૌથી મોટા ભાઈ તરીકે પૂછાતા મોટનાથ દાદાના દર્શન કરી ધન્ય થવા માટે વહેલી સવારથી જ દૂર-દૂરથી ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા.પૂજારીએ જણાવ્યું હતું કે શાસ્ત્રોમાં મોટનાથ મહાદેવ મંદિરનું અનેરું મહત્ત્વ દર્શાવાયું છે. અમાસના આ પવિત્ર દિવસે શિવજીના દર્શન કરવાથી પિતૃઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જે લોકો પિતૃદોષથી પીડિત હોય કે કાર્યોમાં સતત વિઘ્ન આવતાં હોય, તેવા ભક્તોએ આજના દિવસે મહાદેવને કાળા તલ મિશ્રિત જળ અર્પણ કરી પિતૃઓના નિમિત્તે દીવો પ્રગટાવ્યો હતો. આ અનુષ્ઠાનથી પિતૃઓ પ્રસન્ન થાય છે અને ઘરમાં સુખ, શાંતિ તથા સમૃદ્ધિનું આગમન થાય છે તેમ જ નકારાત્મક ઊર્જા દૂર થાય છે.લોકવાયકા અને માન્યતાઓ અનુસાર, અહીં બિરાજમાન શિવલિંગ પાંડવ કાળના સમયનું છે, જેનો ગાયકવાડી શાસનકાળ દરમિયાન જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. અમાસ, શિવરાત્રી અને પવિત્ર શ્રાવણ માસ દરમિયાન અહીં શિવદર્શન કરવાનું વિશેષ પુણ્યફળ પ્રાપ્ત થાય છે.આજના દિવસે મંદિરમાં પહોંચેલા ભક્તોએ દુધાભિષેક, જળાભિષેક તેમજ બિલ્વપત્ર અર્ચન કરી પોતાની મનોકામનાઓ પૂર્ણ કરી હતી. આ ઉપરાંત, મંદિરના પ્રાંગણમાં આવેલા પવિત્ર પીપળાના વૃક્ષની યથાશક્તિ ૧૦૮ કે ૧૧૧ પ્રદક્ષિણા કરીને ભાવિકોએ મનવાંછિત ફળની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી હતી.

## મલ્ટીપ્લેક્ષોમાં ખાણી-પીણીના બેફામ ભાવ સામે CMને રજૂઆત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

વડોદરા સહિત સમગ્ર ગુજરાતભરના મલ્ટીપ્લેક્ષ થિયેટરો અને સિનેમાગૃહોમાં વેચાતી ખાણી-પીણીની ચીજવસ્તુઓના અઢળક અને બેફામ ભાવો સામે હવે આક્રમક વિરોધ શરૂ થયો છે. સિનેમાગૃહોમાં મનસ્વી રીતે વસૂલવામાં આવતી ઊંચી કિંમતો પર તાત્કાલિક અસરથી અંકુશ કે પ્રતિબંધ મૂકવા માટે રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ ઉચ્ચસ્તરીય રજૂઆત કરવામાં આવી છે. ગુજરાતના અન્ય શહેર અને જિલ્લાઓમાં કાર્યરત મલ્ટીપ્લેક્ષ થિયેટરોમાં પોપકોર્ન, સમોસા, પેટીસ/પફ, સેન્ડવિચ અને પીવાના પાણીની બોટલો સહિતની તમામ ખાણી-પીણીની ચીજવસ્તુઓ અત્યંત ઊંચા અને અસહ્ય ભાવે વેચવામાં આવે છે. જ્યારે કોઈ નાગરિક પોતાના પરિવાર કે બાળકો સાથે ફિલ્મ માણવા માટે મલ્ટીપ્લેક્ષમાં પ્રવેશ કરે છે, ત્યારે તેમને ઘર કે બહારથી કોઈપણ પ્રકારનો નાસ્તો, ખાણી-પીણીની વસ્તુઓ અથવા તો પીવાના પાણીની બોટલ સાથે લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અંગે આયોજન

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૩મીએ વડોદરા અને પાદરાની મુલાકાતે

**MSU**ના પદવીદાન સમારોહ અને પાદરા ખાતે બ્રહ્મકુમારીના કાર્યક્રમમાં આપશે વિશેષ ઉપસ્થિતિ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આગામી તારીખ ૨૩ ના રોજ વડોદરા અને પાદરાના પ્રવાસે પધારનાર છે. રાષ્ટ્રપતિની આ સંભવિત મુલાકાતને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અત્યારથી જ યુદ્ધના ધોરણે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મુલાકાત અત્યંત સુચારૂ, સુરક્ષિત અને ભવ્ય રીતે સંપન્ન થાય તે હેતુસર આજે વડોદરા જિલ્લા કલેકટર કચેરી ખાતે એક મહત્વપૂર્ણ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં રાષ્ટ્રપતિના આગમન તથા પ્રસ્થાન, સુરક્ષા વ્યવસ્થા, કાર્યક્રમ સ્થળો પરની બેઠક વ્યવસ્થા, ટ્રાફિક અને પાર્કિંગ તેમજ માર્ગોની મરામત સહિતની વિવિધ આનુષંગિક બાબતો અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાષ્ટ્રપતિ તા. ૨૩મીના રોજ સવારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા ખાતે યોજાનાર ભવ્ય પદવીદાન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે અને તે યુનિવર્સિટીના તેજસ્વી છાત્રોને પદવીઓ એનાયત કરશે. ત્યારબાદ, બપોરે તેઓ પાદરા ખાતે તાજપુરા રોડ પર આયોજિત બ્રહ્મકુમારી સંસ્થાના વિશેષ કાર્યક્રમમાં હાજરી આપી માર્ગદર્શન પૂરું પાડે તેવી વ્યાપક તૈયારીઓ ચાલી રહી છે.


## એક્સિસ બેંક લિમિટેડ

**જાહેર નોટિસ - ગીરો મૂકેલી મિલકત એવા સોનાના દાગીનાઓની હરાજી માટે**

વિશેષ રૂપે દેવાદારોને અને સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ ખાતાઓમાં ગીરો મૂકેલા સોનાના દાગીનાઓની જાહેર હરાજી એક્સિસ બેંક દ્વારા નીચે જણાવેલ શાખા ખાતે યોજવાનું પ્રસ્તાવિત છે.

નીચે જણાવેલ દેવાદારોએ બેંકની તરફેણમાં સુરક્ષા પેટે સોનાના દાગીના ગીરો મૂકીને એક્સિસ બેંક લિમિટેડ પાસેથી ધિરાણ સુવિધા (ગોલ્ડ લોન ફેસિલિટી) મેળવેલ છે. દેવાદારો/જામીનદારોને તેમની મેળવેલ ગોલ્ડ લોન સુવિધા પેટેની બાકી રકમ ચૂકવી આપવા જણાવતી ડિમાન્ડ નોટિસ ઇશ્યૂ કરવામાં આવી હતી. દેવાદારો/જામીનદારો બાકી લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંક ગીરોનો ઉપયોગ કરવા માટે મજબૂર બની છે અને નીચે મિલકતની અનુસૂચિમાં વધુ વિગતવાર વર્ણવેલ ગીરો મૂકેલા સોનાના દાગીનાઓની હરાજીથી વેચાણ 12-10-2026ના રોજ સવારે 11:00 વાગ્યે 'જે છે જ્યાં છે' (As Is Where Is), 'જે છે જેવું છે' (As Is What Is), 'જે કંઈ પણ છે' (Whatever There Is) અને 'કોઈ પુનઃપ્રાપ્તિ વગર' (No Recourse Basis)ના ધોરણે યોજવાનું પ્રસ્તાવિત કરે છે. હરાજી યોજાશે.

દેવાદારોની વિગતો અને બાકી રકમઃ

| ગ્રાહકનું નામ | લોન એકાઉન્ડ નંબર | બાકી નીકળતી રકમ (Rs.) | રિકોલ નોટિસની તારીખ | કુલ વજન (ગ્રા) | ચોખ્ખું વજન (ગ્રા) |
|---|---|---|---|---|---|
| શાખાનું નામઃ અલીપુરા, બોડેલી વડ [GJ] | | | | | |
| તડવી ધર્મેન્દ્રકુમાર શાંતિલાલ | XXXXXXXXXXX4536 | 51698 | 29-06-2026 | 22.800 | 21.300 |
| શાખાનું નામઃ બોરસદ, આણંદ [GJ] | | | | | |
| નીતાબેન ગોહિલ | XXXXXXXXXXX4199 | 90057 | 04-08-2026 | 10.600 | 10.200 |
| શાખાનું નામઃ ગોધરા [GJ] | | | | | |
| મન્સૂર ફૈઝલ | XXXXXXXXXXX3824 | 1279695 | 04-08-2026 | 126.700 | 123.800 |
| ઠાલૌર કૃપાલસિંહ | XXXXXXXXXXX8726 | 409224 | 04-08-2026 | 43.700 | 36.950 |
| શાખાનું નામઃ કલાદર્શન ચાર રસ્તા [GJ] | | | | | |
| બારિયા રેખાબેન સંગ્રામસિંહ | XXXXXXXXXXX1658 | 521492 | 04-08-2026 | 46.100 | 44.500 |
| રાજ મનુભાઈ દીપસિંગ | XXXXXXXXXXX0290 | 144013 | 04-08-2026 | 13.600 | 12.800 |
| રાઠવાની જંદુભાઈ મંજીભાઈ | XXXXXXXXXXX8278 | 233442 | 14-08-2026 | 33.900 | 27.700 |
| શાખાનું નામઃ લુણાવાડા [GJ] | | | | | |
| દામોર દશરથભાઈ સુરેશભાઈ | XXXXXXXXXXX0811 | 98087 | 04-08-2026 | 12.600 | 10.400 |
| શાખાનું નામઃ માંજલપુર, વડોદરા [GJ] | | | | | |
| બારિયા રેખાબેન સંગ્રામસિંહ | XXXXXXXXXXX3354 | 68750 | 04-08-2026 | 10.000 | 9.000 |
| માંકોડી નીલમ | XXXXXXXXXXX9037 | 176047 | 04-08-2026 | 21.700 | 20.900 |
| શાખાનું નામઃ નિઝામપુરા, વડોદરા [GJ] | | | | | |
| પંચાલ મધુબેન પંકજભાઈ | XXXXXXXXXXX7069 | 2773507 | 04-08-2026 | 301.500 | 278.800 |
| પંડ્યા વિરેનકુમાર કમલેશભાઈ | XXXXXXXXXXX1652 | 75600 | 04-08-2026 | 12.500 | 11.450 |
| શાખાનું નામઃ રાજપીપળા [GJ] | | | | | |
| પટેલ રાકેશકુમાર | XXXXXXXXXXX9981 | 123705 | 14-08-2026 | 17.600 | 17.000 |
| શાખાનું નામઃ વડોદરા [GJ] | | | | | |
| પટેલ નયનાબેન ભરતકુમાર | XXXXXXXXXXX6558 | 1098598 | 14-08-2026 | 116.900 | 110.950 |
| શ્યામજી ગોપીનાથ ચૌરસિયા | XXXXXXXXXXX3031 | 391959 | 04-08-2026 | 46.600 | 44.900 |
| શાખાનું નામઃ વલ્લભ વિદ્યાનગર [GJ] | | | | | |
| વિશાલકુમાર ઠાકોર | XXXXXXXXXXX0363 | 53411 | 04-08-2026 | 10.770 | 10.240 |

**ટેન્ડરના નિયમો અને શરતો**

બેઝ/રિઝર્વ કિંમત હરાજીના દિવસે/તારીખે ટેન્ડરરોને આપવામાં આવશે જેના પર હરાજીની બોલી ધ્યાનમાં લેવામાં આવશે. બેંક દ્વારા આપવામાં આવેલ નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં જ બોલી/ઓફર્સને બોલી લગાવવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

અધૂરા બોલી ફોર્મ/ટેન્ડરને અમાન્ય ગણવામાં આવશે અને તેને રદ કરવા પાત્ર રહેશે.

નિયમો અને શરતો સાથેના ટેન્ડર દસ્તાવેજો ઉપરોક્ત શાખામાંથી એકત્રિત કરવાના રહેશે. યોગ્ય રીતે પૂર્ણ થયેલ ટેન્ડર દસ્તાવેજ 12-10-2026 ના રોજ કામકાજના કલાકો દરમિયાન સંબંધિત શાખાના અધિકારીને સોંપવાના રહેશે. નિયત તારીખ પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ઉક્ત મિલકત/મિલકતો 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈ પુનઃપ્રાપ્તિ વગર'ના ધોરણે વેચાણ માટે ઓફર કરવામાં આવે છે. બેંક ઉક્ત મિલકતના સંબંધમાં ગુણવત્તા, શુદ્ધતા અને/અથવા અન્ય કોઈ બાકી લેણાં, કર, જો કોઈ હોય તો, તેની કોઈ જવાબદારી લેતી નથી. ટેન્ડરરો કે જેઓ ઉપર જણાવેલ દિવસે અને સમયે ઉપસ્થિત રહેવાનું પસંદ કરી શકે છે તેમની હાજરીમાં બેંક દ્વારા હરાજીની તારીખે અન્ય બાબતોની સાથે સાથે તેમની સંબંધિત ઓફરો વધારવા/સુધારવા માટે ટેન્ડરો ખોલવામાં આવશે.

ઉપર જણાવેલ શાખાના નામો. હરાજીની તારીખઃ 12-10-2026.

એકવાર સબમિટ કર્યા પછી ઓફર/ટેન્ડર પાછું ખેંચી શકાશે નહીં અને જો ચોક્કસ વસ્તુ/મિલકત/દાગીના માટે સિંગલ બોલી/ઓફર હોય તો બોલી લગાવનાર બોલીની રકમ જમા કરવા માટે જવાબદાર રહેશે.

જો કોઈ ચોક્કસ વસ્તુ/મિલકત/દાગીના માટે એક કરતાં વધુ બોલી હોય, તો બોલી લગાવનારાઓ વચ્ચે પરસ્પર બોલી (inter-se bidding) યોજાશે અને સર્વોચ્ચ બોલી લગાવનારને સફળ બોલી લગાવનાર તરીકે જાહેર કરવામાં આવશે.

બોલી લગાવનારે તમામ KYC દસ્તાવેજો એટલે કે PAN નંબર, PAN કાર્ડ, આધાર કાર્ડ અને સરનામાનો પુરાવો વગેરે જમા કરાવવાના રહેશે. બોલી લગાવનારે માન્ય E-mail ID અને સંપર્ક નંબર સબમિટ કરવાનો રહેશે.

બેંક તેની એકમાત્ર વિવેકબુદ્ધિથી ઓફર સ્વીકારવા કે અસ્વીકાર કરવાનો તેનો અધિકાર અનામત રાખે છે. ઉક્ત મિલકતના વેચાણ/વેચાણ માટે ઓફર કરવામાં આવેલી મિલકતમાંથી ઉદ્ભવતા કોઈપણ વિવાદો/મતભેદો માત્ર મુંબઈ ખાતેની અદાલતો/ટ્રિબ્યુનલોના વિશિષ્ટ ક્ષેત્રાધિકારને આધીન રહેશે.

સ્થળઃ ગુજરાત

અધિકૃત અધિકારી,
એક્સિસ બેંક લિમિટેડ


# વડોદરામાં જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો પ્રારંભ કરાયો

**20 કેટેગરીમાં** આશરે 400 એન્ટ્રીઓ; પ્રથમ દિવસે 270થી વધુ બોયઝ ખેલાડીઓએ બતાવ્યો દમ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) દ્વારા આયોજિત અને UTT દ્વારા ટાઇટલ સ્પોન્સર્ડ બરોડા ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ-2026નો પ્રારંભ TTAB-MSU TT સેન્ટર, ફતેગંજ ખાતે થયો હતો. ત્રણ દિવસીય ચેમ્પિયનશિપ 11થી 13 સપ્ટેમ્બર સુધી યોજાશે.સ્પર્ધામાં વિવિધ 20 કેટેગરીમાં આશરે 400 એન્ટ્રીઓ નોંધાઈ છે. પ્રથમ દિવસે બોયઝની વિવિધ કેટેગરીમાં 270થી વધુ એન્ટ્રીઓ વચ્ચે રસાકસી જોવા મળી હતી. ખેલાડીઓએ ઉત્કૃષ્ટ કૌશલ્ય અને અંતિમ ક્ષણ સુધી લડવાની ભાવના દર્શાવી હતી.

હોપ્સ અંડર-11માં નક્ષિત પ્રજાપતિ, મહર્ષિ વ્યાસ, દેવાંશ ઓઝા, યુવાણ રાજ સહિતના ખેલાડીઓએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં જીત મેળવી હતી. જ્યારે કેડેટ અંડર-13માં અર્ણવ શાહ, નિત્યમ લઢાવા, રક્ષ સંઘવી, શ્રીહાન શાહ સહિતના ખેલાડીઓએ આગળના રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

ગર્લ્સની સ્પર્ધા 12 સપ્ટેમ્બરે બપોરે 12:30 વાગ્યાથી, જ્યારે વેટરન્સની સ્પર્ધા 13 સપ્ટેમ્બરે સવારે 9 વાગ્યાથી શરૂ થશે. જિલ્લા ખિતાબ અને રેન્કિંગ પોઇન્ટ્સ માટે ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# વડોદરામાં સંત વિનોબા ભાવેની ૧૩૧મી જન્મજયંતીની ઉજવણી

**સ્વામી** વિદ્યાનંદજી વિદ્યાવિહાર સ્કૂલ ખાતે નિબંધ સ્પર્ધા અને પુસ્તક વિતરણ યોજાયા



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

વડોદરાની સ્વામી વિદ્યાનંદજી વિદ્યાવિહાર સ્કૂલ ખાતે અખિલ ભારતીય સેવાદળના ઉપક્રમે ભૂદાનયાત્રી, 'ગીતા-પ્રવચનો' અને 'ગીતાઈ' ગ્રંથના રચયિતા તથા ઋષિકૃષિના પ્રણેતા સંત મહર્ષિ વિનોબા ભાવેની ૧૩૧મી જન્મજયંતી ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે આચાર્ય જાગૃતિબેને મહર્ષિ વિનોબા ભાવેના જીવનચરિત્ર અને તેમના વિચારો વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ અખિલ ભારતીય સેવાદળના મંત્રી પ્રજ્ઞાબેને મહેમાનોનો પરિચય આપી ખાદીના રૂમાલથી તેમનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બાળકોએ આવી નિબંધ સ્પર્ધાઓમાં ભાગ લઈને મહાપુરુષોના જીવનમાંથી શીખ મેળવી ઉત્તમ જીવન જીવવું જોઈએ.

સર્વોદય કાર્યકર બળદેવભાઈ બારોટે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા વિનોબાજીના જીવનના પ્રસંગો જેવા કે હંમેશાં સાચું બોલવું, માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું, પોતાની પાસે હોય તેમાંથી થોડુંક જરૂરિયાતમંદોને આપવું અને આ ધરતી પર સૌનો સમાન અધિકાર છે તે બાબતોની સુંદર સમજ આપી હતી. સાથે જ તેમણે પોતાના શાળા સમયના સંસ્મરણો પણ રજૂ કર્યા હતા.


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Bharuch City Division**
B/H Jilla Panchayat, Station Road, Panchbatti, Bharuch 392 001
**DGVCL Toll Free No. 19123** (OR 1800 233 3003)

DGVCL

**Tender Notice**

Tenders no. 16 to 18 (2026-27) are invited for work of maintenance & erection of overhead 11 KV HT line /LT line & transformer centers and underground cable work under various schemes in the jurisdiction of Bharuch East, Bharuch West, and Panchbatti sub-divisions under Bharuch City Division. Details of the tenders are available on dgvcltender.nprocure.com.

**EE (O&M), Bharuch City Division, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, વડોદરા શહેરના પૂર્વ ઝોન વિસ્તારમાં આવેલ આજવા રોડ ટાંકી ખાતે મુખ્ય ડિલિવરી લાઇન પર નવીન સ્લુસ વાલ્વ બેસાડવાની કામગીરી તથા તા:૧૬/૦૯/૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે હાથ ધરવાની હોઇ, આજવા ટાંકી ખાતેથી સવારના ૦૯:૩૦ કલાક પછી પાણી મેળવતા વિસ્તારો, તેમજ સાંજના સમયે પાણી વિતરણ કરવામાં આવશે નહી. સદર લીકેજ રીપેરીંગની કામગીરી પૂર્ણ થયા બાદ તા:૧૭/૦૯/૨૦૨૬ નાં રોજ આજવા રોડ ટાંકીથી સવારના સમયનું પાણી વિલંબથી તેમજ હળવા દબાણથી આપવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તેમજ પાણીનો સંગ્રહ કરી સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ. નં.૩૯૬/૨૬-૨૭

કાર્યપાલક ઇજનેર
(પાણી પુરવઠા વિતરણ શાખા)